# પ્રેસનોટ

ભારતની સંભવિત પ્રગતિઓ અને નવીનતાઓને ઉજાગર કરવા ભારત દેશના શિક્ષણ,વ્યવસાય,નીતિ અને વિચારશીલ નેતૃત્વના સૌથી મોટા અને તેજસ્વી વ્યકિતઓની કુશળતાને આદાન-પ્રદાન કરવા એક પ્લેટફોર્મ પુરૂ પાડવા અને ભારત અને વૈશ્વિક સમુદાય વચ્ચે યોગ્ય ચર્ચાઓને પ્રોત્સાહન આપવાના આશયથી OXFORD INDIA FORUM ના Chairperson શ્રી સિદ્ધાર્થ સેથી અને President શ્રી પ્રિયાંશ ગુજરાતીએ અન્ય  વિધ્યાર્થીઓ સાથે Saïd Business School, University of Oxford ખાતે તા.૧૫ જૂન ૨૦૨૪ના રોજ થી Oxford India Forum-2024 નું આયોજન કર્યું હતુ.  જેની આ વર્ષની ચર્ચાની મુખ્ય થિમ "Sustainable Futures: Climate, Technology and Innovation" હતી.

સુરત શહેરના પ્રથમ નાગરિક અને માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ Oxford India Forum-2024 ખાતે આ વર્ષની થિમ પર પોતાનું વિશેષ પ્રવચન આપતા જણાવ્યુ કે, સુરત ભારતનું સૌથી વાયબ્રન્ટ અને ગતિશીલ શહેર છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં સુરત શહેર એ અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. ઓકસફોર્ડ ઇકોનોમિકસ ધ ગ્લોબલ સિટીઝ- ૨૦૩૦ના રિપોર્ટ મુજબ સુરત શહેરે એક સાધારણ બંદરીય શહેર થી લઇ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેર તરીકે પરિવર્તિત થયુ છે. સુરત શહેરમાં સોલાર, વિન્ડ અને બાયોગેસ પ્લાન્ટ થકી રિન્યુએબલ એનર્જીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા અને જાહેર પરિવહનના મહત્તમ ઉપયોગને પ્રોત્સાહન આપવા અલાયદી ઇલેકિટ્રક વ્હીકલ પોલિસીનો અમલ કરનાર ગુજરાતનુ પ્રથમ શહેર સુરત બન્યુ છે. કચરા મુકત શહેરની દિશામાં અગ્રસર બનવા સુરત શહેરમાં ઘનિષ્ઠ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલિશન વેસ્ટ મેનેજમેન્ટ તેમજ ટેક્ષટાઇલ વેસ્ટ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. સુરત શહેરે વેસ્ટ વોટર મેનેજમેન્ટ થકી ટ્રીટેડ પાણીને ઔદ્યોગિક એકમોને વેચીને સર્કયુલર ઈકોનોમી થકી કમાણી કરતી સ્થાનિક સ્વરાજની સંસ્થાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખાવાનો અમને ગર્વ છે.

સુરત ત્રિ-સ્તરીય જાહેર પરિવહન સેવામાં ભારતની સૌથી લાંબી BRTS, સિટી બસ અને આગામી પ્રગતિ હેઠળની મેટ્રો સેવા મારફત સુગમ પરિવહનની સુવિધા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

Oxford India Forum નો ધ્યેય આંતરદૃષ્ટિપૂર્ણ ચર્ચાઓને પ્રોત્સાહન આપવાનો તથા ભારત અને વૈશ્વિક સમુદાય વચ્ચે સેતુ બનાવવાનો છે. માન. મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ OXFORD INDIA FORUM-2024 માં આમંત્રણ આપવા બદલ OXFORD INDIA FORUM ના Chairperson શ્રી સિદ્ધાર્થ સેથી અને President શ્રી પ્રિયાંશ ગુજરાતીનો વિશેષ આભાર માન્યો હતો તેમજ ફોરમમાં વિશ્વભરમાંથી આમંત્રિત અન્ય મહાનુભાવો સાથે પોતાના અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું. સુરતના સર્વાંગી વિકાસ બાબતે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. ફોરમના સમાપન બાદ માનનીય મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ ફોરમમાં ઉપસ્થિત ભારતીય સમુદાયના વિવિધ વિધાર્થીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.89 ,તા.19/06/2024